Signature of Invigilators

1. ..............................

2. ..............................

Roll No. [ ] [ ] [ ] [ ] [ ]

(In figures as in Admit Card)

# LAW

## Paper II

Roll No. ..............................

..............................

(In words)

**D/03/16**

Name of the Areas/Section (if any) ..............................

Time Allowed : 75 Minutes]

[Maximum Marks : 100

SEAL

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of *fifty* **(50)** multiple choice type questions. *All* questions are compulsory.
3. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter should entirely be contained within the corresponding square.

   Correct method [A] Wrong Method [ A or [A]
4. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under paper II only
5. Read instructions given inside carefully.
6. One sheet is attached at the end of the booklet for rough work.
7. You should return the test booklet to the invigilator at the end of paper and should not carry any paper with you outside the examination hall.

**પરીક્ષાર્થીઓ માટેની સૂચનાઓ :**

૧. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.

૨. આ પ્રશ્નપત્રમાં કુલ **પચાસ (50)** બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા પ્રશ્નો આપેલા છે. **બધા જ** પ્રશ્નો ફરજિયાત છે.

૩. પ્રત્યેક પ્રશ્ન વધુમાં વધુ ચાર બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવે છે. જે (A), (B), (C) અને (D) વડે દર્શાવવામાં આવ્યા છે. પ્રશ્નનો ઉત્તર કેપીટલ સંજ્ઞા વડે આપવાનો રહેશે. ઉત્તરની સંજ્ઞા આપેલ ખાનામાં બરાબર સમાઈ જાય તે રીતે લખવાની રહેશે.

ખરી રીત : [A] ખોટી રીત : [ A , [A]

૪. આ પ્રશ્નપત્રના જવાબ આપેલ ICR Answer Sheetના Paper II વિભાગની નીચે આપેલ ખાનાંઓમાં આપવાના રહેશે.

૫. અંદર આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચો.

૬. આ બુકલેટની પાછળ આપેલું પાનું રફ કામ માટે છે.

૭. પરીક્ષાસમય પૂરો થઈ ગયા પછી આ બુકલેટ જે તે નિરીક્ષકને સોંપી દેવી. કોઈ પણ કાગળ પરીક્ષાખંડની બહાર લઈ જવો નહી.

# LAW
# કાયદો
## PAPER—II
## પ્રશ્નપત્ર—II

*Note* :— This paper contains **fifty (50)** multiple-choice questions, each carrying **two (2)** marks. Attempt *all* the questions.

**નોંધ** : – આ પ્રશ્નપત્રમાં **પચાસ (૫૦)** બહુવિકલ્પીય પ્રશ્નો છે. દરેક પ્રશ્નના **બે(૨)** ગુણ છે. બધા પ્રશ્નોના ઉત્તર આપો.

1. The Fundamental Rights are conferred on :
   (A) All citizens
   (B) All persons
   (C) Citizens in some cases and all persons in others
   (D) Legal persons as may be prescribed by the State Executive

   મૂળભૂત અધિકારો કોને આપવામાં આવ્યા છે ?
   (A) બધા નાગરિકોને
   (B) બધી વ્યક્તિઓને
   (C) અમુક બાબતોમાં નાગરિકોને અને બીજી બાબતોમાં બધી જ વ્યક્તિઓને
   (D) રાજ્યની વહીવટી સત્તા દ્વારા નિર્દિષ્ટ કાનૂની વ્યક્તિઓને

2. A Judge of the Supreme Court of India retires at an age of :
   (A) 55 years (B) 65 years
   (C) 62 years (D) 60 years

   સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિની નિવૃત્તીની વયમર્યાદા :
   (A) ૫૫ વર્ષ (B) ૬૫ વર્ષ
   (C) ૬૨ વર્ષ (D) ૬૦ વર્ષ

3. State the year in which the Fundamental Duties were incorporated in the Constitution :
   (A) 1975 (B) 1976
   (C) 1977 (D) 1984

   કયા વર્ષમાં સંવિધાનમાં મૂળભૂત ફરજોને ઉમેરવામાં આવી :
   (A) ૧૯૭૫ (B) ૧૯૭૬
   (C) ૧૯૭૭ (D) ૧૯૮૪

4. Which amendment of the Constitution lowered the voting age from 21 years to 18 years ?

(A) 61st Amendment (B) 62nd Amendment

(C) 63rd Amendment (D) 64th Amendment

કયા બંધારણીય સુધારાથી મતદાતાની ઉંમરમાં ૨૧ વર્ષમાંથી ૧૮ વર્ષની કરી ઘટાડો કરવામાં આવ્યો ?

(A) ૬૧ મો સુધારો (B) ૬૨ મો સુધારો

(C) ૬૩ મો સુધારો (D) ૬૪ મો સુધારો

5. All doubts and disputes arising out of or in connection with the election of the President are to be decided by :

(A) the Election Commission

(B) an authority established under a law made by the parliament

(C) the Supreme Court

(D) None of the above

રાષ્ટ્રપતિની ચૂંટણીમાંથી ઊભી થતી અથવા તે સંબંધી તમામ શંકાઓ અને તકરારોનો નિર્ણય કોના દ્વારા થાય છે :

(A) ચૂંટણીપંચ દ્વારા

(B) સંસદ દ્વારા ઘડાયેલ કાયદા હેઠળ સ્થપાયેલ કોઈ સત્તા દ્વારા

(C) સર્વોચ્ચ અદાલત દ્વારા

(D) ઉપરમાંનું એકેય નહિ

6. Which one of the following is a 'State' ?

(A) Andaman and Nicobar Islands

(B) Lakshadweep

(C) Goa

(D) Pondicherry

નીચેના પૈકી કયું રાજ્ય છે ?

(A) આંદામાન અને નીકોબાર ટાપુઓ

(B) લક્ષદ્વીપ

(C) ગોવા

(D) પોંડીચેરી

7. The majority verdict in ADM, Jabalpur V. Shivkant Shukla case observed that :

(A) The Court cannot inquire into the vires of the detention of the petitioner

(B) Article 21 is the sole repository of the rights to life and personal liberty

(C) It would be incorrect to say that the powers and jurisdictions of the High Courts and the Supreme Court are virtually abolished by the Presidential order

(D) All the above

એ.ડી.એમ. જબલપુર વિ. શિવકાન્ત શુકલના કેસમાં બહુમતીના ચૂકાદાનું એવું અવલોકન છે કે :

(A) અરજદારની અટકાયતની કાયદેસરતાને કોર્ટ તપાસી શકે નહિ

(B) જીવવાનો અધિકાર અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર કલમ ૨૧ હેઠળ જ પ્રાપ્ત થાય છે

(C) રાષ્ટ્રપતિના હુકમથી વડી અદાલત અને સર્વોચ્ચ અદાલતની સત્તાઓ અને હકૂમતો નાબૂદ થયા છે તેમ કહેવું ખોટું ગણાશે

(D) ઉપર પ્રમાણેના બધા જ

8. Under Article 123, the President of India can promulgate and Ordinance if :

(A) he is satisfied

(B) both the Houses of Parliament are not in session

(C) circumstances exist which render it necessary for him to take immediate action

(D) all the above

કલમ ૧૨૩ હેઠળ ભારતના રાષ્ટ્રપતિ વટહુકમ બહાર પાડી શકે જો :

(A) તેમને સંતોષ થાય તો

(B) સંસદના બંને ગૃહોનું સત્ર ચાલુ ન હોય તો

(C) તાત્કાલિક પગલા લેવાનું પોતાને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તતા હોય તો

(D) ઉપરોક્ત બધા જ

9. Opinion of Jurists is :
   (A) Legal material source of law
   (B) Historical material source of law
   (C) Material source of law
   (D) Not a source of law

   ન્યાયવિદોનો અભિપ્રાય એ :
   (A) કાયદાના વિષયાત્મક કાનૂની મૂળ છે
   (B) કાયદાના વિષયાત્મક ઐતિહાસિક મૂળ છે
   (C) કાયદાના વિષયાત્મક મૂળ છે
   (D) કાયદાનું મૂળ નથી

10. The importance of custom over other sources of law was stressed by the Jurists of the :
   (A) Analytical School (B) Historical School
   (C) Natural Law School (D) Philosophical School of Law

   કઈ વિચારધારાના ન્યાયવિદોએ રૂઢી ઉપર કાયદાના અન્ય મૂળો કરતાં વધારે ભાર મૂકયો છે :
   (A) વિશ્લેષ્ણાત્મક વિચારધારા (B) ઐતિહાસિક વિચારધારા
   (C) કાયદાની નૈસર્ગિક વિચારધારા (D) કાયદાની દર્શનશાસ્ત્રની વિચારધારા

11. According to the Jurists of Analytical School of jurisprudence :
   (A) Custom becomes law after its recognition by the Sovereign
   (B) Custom never becomes law
   (C) Customs are only positive morality even after recognition
   (D) None of the above

   વિધિમીમાંસાના વિશ્લેષ્ણાત્મક વિચારધારાના ન્યાયવિદોના મતે :
   (A) સાર્વભૌમ સત્તા દ્વારા માન્યતા મળ્યા પછી રૂઢી કાયદો બને છે
   (B) રૂઢી કદીએ કાયદો બનતો નથી
   (C) માન્યતા મળ્યા પછી પણ રૂઢીઓએ માત્ર નૈતિકતાના નિયમો છે
   (D) ઉપરનું કંઈપણ લાગુ પડતું નથી

12. Which one of the following pairs is correctly matched ?
   (A) Precedent : Legislature (B) Precedent : President
   (C) Precedent : Judges (D) Precedent : Agreement

   નીચેના પૈકી કયું જોડકું સાચું છે :
   (A) પૂર્વનિર્ણય : વિધિવિધાન (B) પૂર્વનિર્ણય : રાષ્ટ્રપતિ
   (C) પૂર્વનિર્ણય : ન્યાયાધિશો (D) પૂર્વનિર્ણય : [illegible]તી

13. Which one of the following statements is *true* ?

(A) A perfect right does not prescribe any remedy

(B) A positive right indicates a negative duty

(C) The personal rights are inheritable

(D) Proprietary rights are valuable rights

નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) પૂર્ણ અધિકારમાં કોઈપણ દાદની વ્યવસ્થા કરવામાં આવતી નથી

(B) હકારાત્મક અધિકારમાં નકારાત્મક ફરજનું સૂચન હોય છે

(C) વૈયક્તિક અધિકારો વારસાગત છે

(D) માલિકી અધિકારો કિંમતી અધિકારો છે

14. 'A statement of law is nothing more than a prediction of what the courts will decide is the main foundation of :

(A) Historical School (B) Sociological School

(C) Realist School (D) Natural Law School

'કાયદાનું વિધાન એ અદાલતો શું નિર્ણય કરશે તેની આગાહી સિવાય બીજું વિશેષ કાંઈ નથી' એ કઈ વિચારધારાનો મુખ્ય સિદ્ધાંત છે :

(A) ઐતિહાસિક વિચારધારા (B) સમાજશાસ્ત્રીય વિચારધારા

(C) વાસ્તવિક વિચારધારા (D) નૈસર્ગિક વિચારધારા

15. Which of the following rights is an accessory right ?

(A) a right to reputation

(B) a right to bodily security

(C) an easement

(D) ownership of a piece of land

નીચેના અધિકારો પૈકી કયો અધિકાર આનુષાંગિક અધિકાર છે ?

(A) પ્રતિષ્ઠાને લગતો અધિકાર

(B) શારીરિક સલામતીનો અધિકાર

(C) સુખાધિકાર

(D) જમીનના ટુકડાની માલિકીનો અધિકાર

16. Which one of the following statements most appropriately describes the nature of International Law ?

(A) A body of rules governing civilized nations of the world

(B) A body of customary and treaty rules regulating the relations between states and organizations

(C) A body of rules of conduct regulating relations of States, international organisations and certain individuals which states feel bound and do observe in their conduct

(D) A body of customary and ethical rules governing relations between individual and states

નીચેના પૈકી કયું વિધાન આંતરરાષ્ટ્રીય કાયદાના સ્વરૂપને યોગ્ય રીતે વર્ણવે છે ?

(A) નિયમોનો સમૂહ છે કે જે વિશ્વના સુસંસ્કૃત દેશોનું નિયમન કરે છે

(B) રૂઢીઓ અને સંધિ ઉપર આધારીત નિયમો કે જે રાજ્યો અને (આંતરરાષ્ટ્રીય) સંસ્થાઓ વચ્ચેના સંબંધોનું નિયમન કરે છે

(C) કાયદાનો એવો ભાગ છે કે જે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને સંગઠનોની કામગીરીને લગતા, તેમના એકબીજાની સાથેના સંબંધો અને રાજ્યો તેમજ અમુક વ્યક્તિઓ સાથેના સંબંધોને લગતા નિયમો છે કે જેનું રાજ્યો પોતે પાલન કરવાને બંધાયેલા છે એમ માને છે અને તેનું તેઓ પાલન કરે છે

(D) રૂઢીઓ અને નીતિવિષયક નિયમોનો સમૂહ છે કે જે રાજ્યો અને વ્યક્તિઓ વચ્ચેના સંબંધોને નિયંત્રિત કરે છે

17. Which one of the following is a law-making treaty ?

(A) India-Pakistan's Simla Pact of 1971

(B) Indo-Soviet Friendship Treaty

(C) Antarctic Treaty 1959

(D) Treaty between India and U.S.A.

નીચેના પૈકી કઈ સંધિ કાયદાનું સર્જન કરતી સંધિ છે ?

(A) ૧૯૭૧ ની ભારત-પાકિસ્તાન વચ્ચેનો સીમલા કરાર

(B) ઈન્ડો-સોવિયેત મૈત્રી સંધિ

(C) ૧૯૫૯ ની એન્ટારટીકા સંધિ

(D) ભારત અને યુ.એસ.એ. વચ્ચેની સંધિ

18. Which one of the following is *not* the objective of the United Nations ?
   (A) Establishment of democratic government throughout the world
   (B) To take effective collective measures for the prevention and removal of threats to peace
   (C) To develop friendly relations among nations
   (D) To promote and encourage respect for human rights

નીચેના પૈકી યુનાઈટેડ નેશન્સનો કયો ઉદ્દેશ નથી ?
   (A) સમગ્ર વિશ્વમાં લોકશાહી સરકારની સ્થાપના કરવી
   (B) શાંતિ વિરુદ્ધની ધમકીઓને દૂર કરવા અને અટકાવવા માટે અસરકારક સામૂહિક પગલાં લેવાં
   (C) રાષ્ટ્રો વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધોનો વિકાસ કરવો
   (D) માનવ અધિકારોના વિકાસ અને ઉત્તેજન પ્રત્યે આદર કરવો

19. Which one of the following Articles in the Indian Constitution reflects the doctrine of incorporation of international law into municipal law ?
   (A) Article 332(2)   (B) Article 51(c)
   (C) Article 372(1)   (D) Article 253

ભારતીય બંધારણના નીચેના પૈકી કયા અનુચ્છેદમાં આંતરરાષ્ટ્રીય કાયદાને સ્થાનિક કાયદામાં સમાવિષ્ટ કરવામાં આવ્યો છે ?
   (A) અનુચ્છેદ ૩૩૨(૨)   (B) અનુચ્છેદ ૫૧(સી)
   (C) અનુચ્છેદ ૩૭૨(૧)   (D) અનુચ્છેદ ૨૫૩

20. The UN Secretary General is appointed by the :
   (A) General Assembly
   (B) Security Council
   (C) General Assembly upon the recommendation of the Security Council
   (D) Security Council and the General Assembly meeting jointly

સંયુક્ત રાષ્ટ્રસંઘના સેક્રેટરી જનરલની નિમણૂંક કોણ કરે છે :
   (A) સંયુક્ત રાષ્ટ્રસંઘની મહાસભા
   (B) સલામતી સમિતિ
   (C) સલામતી સમિતિની ભલામણ પ્રમાણે રાષ્ટ્રસંઘની મહાસભા
   (D) સલામતી સમિતિ અને રાષ્ટ્રસંઘની મહાસભા સાથે મળીને

21. The natural law was considered as the basis of International law by :

(A) Jermey Bentham (B) Hans Kelson

(C) Hugo Grotius (D) John Austin

નૈસર્ગિક કાયદો એ આંતરરાષ્ટ્રીય કાયદાનો આધાર છે એવું કોણે જણાવ્યું :

(A) જરમી બેન્થામ (B) હાન્સ કેલ્સન

(C) હ્યુગો ગ્રોસીઅસ (D) જહોન ઓસ્ટીન

22. The International Court of Justice has :

(A) 9 judges (B) 15 judges

(C) 19 judges (D) 21 judges

આંતરરાષ્ટ્રીય ન્યાયાલયમાં ન્યાયમૂર્તિઓની સંખ્યા :

(A) ૯ ન્યાયમૂર્તિઓની છે (B) ૧૫ ન્યાયમૂર્તિઓની છે

(C) ૧૯ ન્યાયમૂર્તિઓની છે (D) ૨૧ ન્યાયમૂર્તિઓની છે

23. Children of void marriage are :

(A) Legitimate (B) Illegitimate

(C) Unlawful (D) None of these

વ્યર્થલગ્નની સંતતિ :

(A) ઔરસ (B) અનૌરસ

(C) ગેરકાનૂની (D) એમાંથી કંઈપણ નહિ – ગણાય છે

24. A petition for nullity of marriage must be filed after discovering the fraud :

(A) within 3 years (B) within a reasonable time

(C) before children are born (D) within one year of the marriage

દગાની જાણ થયાના કેટલા સમયમાં લગ્ન વ્યર્થ ઠરાવવા માટેની અરજી કરવી જોઈએ :

(A) ૩ વર્ષની અંદર (B) યોગ્ય સમયમાં

(C) સંતતિના જન્મ પહેલાં (D) લગ્ન થયાના એક વર્ષમાં

25. Pre-marriage pregnancy by some person other than the husband under the Hindu Marriage Act is a ground of :

(A) Divorce (B) Void marriage

(C) Voidable marriage (D) None of these

લગ્ન પહેલાં પતિ સિવાયની બીજી વ્યક્તિ દ્વારા ગર્ભધારણ એ હિંદુ લગ્ન ધારામાં ......... માટેનું કારણ છે :

(A) છૂટાછેડા (B) વ્યર્થલગ્ન

(C) વ્યર્થ થવાને પાત્ર લગ્ન (D) આ મુજબનું કોઈ નહિ

26. Cruelty is a ground for :

(A) Judicial separation (B) Divorce

(C) Declaring marriage void (D) Both (A) and (B)

અત્યાચાર..........માટેનું કારણ છે :

(A) ન્યાયિક વિયોજન (B) છૂટાછેડા

(C) લગ્નને વ્યર્થ ઠરાવવા (D) (A) અને (B) બંને

27. Hindus conceived of marriage as a sacramental union and it implies :

(A) marriage between man and woman is of religious or holy character

(B) marriage is obligatory for begetting a son for discharging his debt to his ancestors

(C) marriage is obligatory for performing religious and spiritual duties

(D) All the above

હિંદુઓનો એવો ખ્યાલ છે કે લગ્ન એ એક પવિત્ર બંધન છે અને આ ખ્યાલ પ્રમાણે :

(A) પુરુષ અને સ્ત્રી વચ્ચેનું લગ્ન ધાર્મિક અથવા પવિત્ર સ્વરૂપનું છે

(B) પોતાના પૂર્વજોના દેવાની આપૂર્તિ કરવા પુત્રજન્મ માટે લગ્ન કરવાની તેની ફરજ છે

(C) ધાર્મિક અને આધ્યાત્મિક ફરજોના પાલન માટે લગ્ન કરવું જરૂરી છે

(D) ઉપરોક્ત બધીજ બાબતો

28. If a wife is living separately from the husband on account of non-payment of prompt dower :

(A) restitution of conjugal rights can be granted

(B) restitution of conjugal rights cannot be granted

(C) divorce can be granted

(D) none of the above

તાત્કાલિક દાવરની માગણીની ચૂકવણી ન કરવામાં આવી હોય તેને કારણે જો પત્ની અલગ રહેતી હોય તો :

(A) લગ્નજીવનના હકકોના પુનઃસ્થાપનની દાદ મળી શકે

(B) લગ્નજીવનના હકકોના પુનઃસ્થાપનની દાદ ન મળી શકે

(C) છૂટાછેડા મળી શકે

(D) ઉપર મુજબનું કંઈપણ ન થઈ શકે

29. Whether a sum is 'penalty' or 'liquidated damages' is :

(A) a question of law

(B) a question of fact

(C) a question of fact to be decided by the courts

(D) none of the above

રકમ એ દંડ છે કે પૂર્વનિશ્ચિત નુકસાની વળતર છે એ :

(A) કાયદાનો પ્રશ્ન છે

(B) હકીકતનો પ્રશ્ન છે

(C) ન્યાયાલય દ્વારા નિર્ણિત કરવાનો હકીકતનો પ્રશ્ન છે

(D) ઉપરોક્ત કોઈપણ નહિ

30. Where no mode of acceptance is prescribed, acceptance :

(A) need not be communicated in writing

(B) must be communicated by registered post

(C) must be communicated by telegram

(D) may be expressed in some usual and reasonable manner

જ્યાં સ્વીકારની કોઈ પદ્ધતિ દર્શાવવામાં ન આવી હોય ત્યાં સ્વીકારની :

(A) લખાણમાં જાણ કરવાની જરૂર નથી

(B) રજીસ્ટર્ડ ટપાલથી જાણ કરવી જોઈએ

(C) ટેલીગ્રામથી જાણ કરવી જોઈએ

(D) જાણ કોઈ સામાન્ય અને વ્યાજબી પદ્ધતિ પ્રમાણે કરવી જોઈએ

31. As a contract gives rise to a right in personam, a proposal :

(A) cannot be made as a general offer

(B) can be a general offer

(C) must be made to an ascertainable person only

(D) depends on the nature of the consideration

કરાર એ વ્યક્તિગત અધિકાર પેદા કરે છે એટલે દરખાસ્ત :

(A) સામાન્ય દરખાસ્ત કરી ન શકાય

(B) સામાન્ય દરખાસ્ત હોઈ શકે

(C) સુનિશ્ચિત વ્યક્તિને જ કરી શકાય

(D) અવેજના સ્વરૂપ ઉપર આધાર રાખે છે

32. Where both the parties to an agreement are under a mistake as to a matter of fact essential to the agreement, the agreement is :

(A) Voidable (B) Valid and binding

(C) Void (D) Irregular

જ્યારે કરારના બંને પક્ષકારો સમજૂતિ માટે આવશ્યક હોય તેવા હકીકતના પ્રશ્નોને સમજવામાં ભૂલ કરે ત્યારે તેવી સમજૂતી :

(A) વ્યર્થ થવાને પાત્ર છે (B) યથાર્થ અને બંધનકારક છે

(C) વ્યર્થ છે (D) અનિયમિત છે

33. An invitation to tender is :

(A) a promise

(B) not a promise, but an invitation to offer

(C) a proposal

(D) none of the above

ટેન્ડર મંગાવવા તે :

(A) વચન (પ્રોમીસ) છે

(B) વચન (પ્રોમીસ) નથી, પરંતુ દરખાસ્ત કરવા માટેનું નિમંત્રણ છે

(C) પ્રસ્તાવ છે

(D) ઉપરોક્ત કોઈ નહિ

34. The effect of frustration on contract is :

(A) Dependent on the ground of repudiation

(B) Depending on the choice of the plaintiff

(C) Depending on the choice of the defendant

(D) Automatic dissolution of the contract

નિષ્ફળતાના સિદ્ધાંતની કરાર ઉપર શું અસર થાય છે તે :

(A) કયા કારણસર કરાર ફગાવી દેવામાં આવ્યો છે તેના ઉપર આધારિત છે

(B) વાદીની પસંદગી ઉપર આધારિત છે

(C) પ્રતિવાદીની પસંદગી ઉપર આધારિત છે

(D) કરાર આપોઆપ રદ થાય છે

35. The maxim 'Injuria Sine Damnum' means :

(A) Damage without the violation of a legal right

(B) Infringement of legal right without damage

(C) Infringement of legal right as well as damage

(D) None of the above

હાની વગરનું નુકસાન એટલે :

(A) કાનૂની અધિકારના ઉલ્લંઘન વગર નુકસાન

(B) નુકસાની વગર કાનૂની અધિકારનું ઉલ્લંઘન

(C) કાનૂની અધિકારનું ઉલ્લંઘન અને નુકસાન

(D) ઉપર મુજબનું કોઈ લાગુ પડતું નથી

36. The rule of "Volenti non fit injuria" is applicable to the :

(A) Accident cases (B) Rescue cases

(C) Negligence cases (D) None of these

''સ્વેચ્છાએ સ્વીકારેલી ઈજા'' નો સિદ્ધાંત નીચેના પૈકી કયા કેસમાં લાગુ પડે છે :

(A) અકસ્માતને લગતા કેસો (B) બચાવકાર્યને લગતા કેસો

(C) ઉપેક્ષાને લગતા કેસો (D) આમાંના કોઈને પણ લાગુ પડતો નથી

37. Master is liable for the torts committed by his servant :
(A) during the course of his employment
(B) outside the course of his employment
(C) beyond the powers conferred upon him
(D) none of the above

પોતાના નોકરે કરેલ અપકૃત્યો માટે માલિકની જવાબદારી થતી હોય છે જયારે :
(A) નોકરીના સમય દરમ્યાન કરેલ હોય
(B) નોકરીના સમય બહાર કરેલ હોય
(C) માલિક દ્વારા આપવામાં આવેલી સત્તા બહાર જઈને કરેલ હોય
(D) ઉપરનું કોઈ લાગુ પડતું નથી

38. Donoghue *Vs.* Stevenson is a leading case on :
(A) Defamation (B) Negligence
(C) Nuisance (D) Absolute liability

ડોનોઘ વિ. સ્ટીવન્સન એ કોને લગતો અગત્યનો કેસ છે :
(A) બદનક્ષી (B) ઉપેક્ષા
(C) ઉપદ્રવ (D) નિરપેક્ષ જવાબદારી

39. The rule of 'strict liability' was formulated by the House of Lords in :
(A) Rylands *Vs.* Fletcher
(B) M. C. Mehta *Vs.* Union of India
(C) Derry *Vs.* Peek
(D) Re Polemis Case

કયા કેસમાં હાઉસ ઓફ લોડર્ઝ દ્વારા કઠોર જવાબદારીના સિદ્ધાંતનું નિર્માણ થયું :
(A) રાયલેન્ડઝ વિ. ફ્લેચર (B) એમ.સી. મહેતા વિ. યુનિયન ઓફ ઈન્ડિયા
(C) ડેરી વિ. પીક (D) રી પોલીમસનો કેસ

40. Absolute privilege is recognised in respect of :
(A) Parliamentary proceedings (B) Judicial proceedings
(C) All the above (D) None of the above

સંપૂર્ણ વિશેષાધિકારને કઈ બાબતમાં માન્ય રાખવામાં આવેલ છે :
(A) સંસદીય કાર્યવાહી (B) ન્યાયિક કાર્યવાહી
(C) આમાંના બધામાં (D) એમાંનું કંઈ લાગુ પડતું નથી

41. For fixing criminal liability, motive is :
(A) relevant (B) not relevant
(C) partly relevant (D) None of these

ગુન્હાહિત જવાબદારી નક્કી કરવા માટે હેતુ :
(A) પ્રસ્તુત છે (B) પ્રસ્તુત નથી
(C) આંશિક પ્રસ્તુત છે (D) એમાંનું કંઈ લાગુ પડતું નથી

42. The purpose of 'Consent' under Section 92 of the Indian Penal Code is :

(A) the protection of legal practitioners

(B) the protection of medical practitioners

(C) the protection of insane persons

(D) none of the above

ભારતીય ફોજદારી ધારાની કલમ ૯૨ અન્વયે સંમતિનો આશય :

(A) વકીલોને રક્ષણ આપવાનો છે

(B) દાકતરોને રક્ષણ આપવાનો છે

(C) અસ્થિર મગજના લોકોને રક્ષણ આપવાનો છે

(D) ઉપરોક્ત કાંઈ નહિ

43. The subject-matter of the offence under Section 498 of the Indian Penal Code is :

(A) Woman (B) Husband

(C) Minor girl (D) Married woman

આઈ.પી.સી. ની કલમ ૪૯૮ અન્વયે ગુનાનો વિષય :

(A) સ્ત્રી છે (B) પતિ છે

(C) સગીર છોકરી છે (D) પરિણીત સ્ત્રી છે

44. Crime is a :

(A) Private wrong

(B) Public wrong

(C) Public as well as private wrong

(D) Neither public nor private wrong

ગુનો એ :

(A) ખાનગી ગુન્હાહિત કૃત્ય છે

(B) જાહેર ગુન્હાહિત કૃત્ય છે

(C) ખાનગી તેમજ જાહેર ગુન્હાહિત કૃત્ય છે

(D) ખાનગી કે જાહેર ગુન્હાહિત કૃત્ય નથી

45. Under Section 34 of IPC "Common Intention" means :

(A) Same intention (B) Similar intention

(C) Intention of prior planning (D) None of these

આઈ.પી.સી. ની કલમ ૩૪ અન્વયે 'સામાન્ય ઈરાદો' એટલે :

(A) એક જ ઈરાદો (B) એકસરખો ઈરાદો

(C) પૂર્વયોજિત આયોજનનો ઈરાદો (D) એમાંથી કાંઈ નહિ

46. Section 498A of the IPC was introduced in the year :

(A) 1972 (B) 1977

(C) 1983 (D) 1984

આ.પી.સી. ની કલમ ૪૯૮-અ કયા વર્ષમાં ઉમેરવામાં આવી :

(A) ૧૯૭૨ (B) ૧૯૭૭

(C) ૧૯૮૩ (D) ૧૯૮૪

47. Industrial dispute means any dispute or difference between :

(A) employers and employers (B) employers and workmen

(C) workmen and workmen (D) All of these

ઔદ્યોગીક વિવાદ એટલે કે :

(A) માલિકો અને માલિકો વચ્ચેનો વિવાદ કે મતભેદ

(B) માલિકો અને કામદારો વચ્ચેનો વિવાદ કે મતભેદ

(C) કામદારો અને કામદારો વચ્ચેનો વિવાદ કે મતભેદ

(D) ઉપરોક્ત બધા જ

48. 'Closure' means :

(A) the permanent closing down of a place of employment

(B) the permanent closing down of the business

(C) the permanent closing down of the place of employment or part thereof

(D) the permanent closing down of factory

ઉદ્યોગ બંધ કરવો એટલે કે :

(A) નોકરીની જગ્યાને કાયમી ધોરણે બંધ કરવું

(B) વેપારને કાયમી ધોરણે બંધ કરવો

(C) નોકરીની જગાને કાયમી ધોરણે અથવા તેના કોઈ ભાગને કાયમી ધોરણે બંધ કરવું

(D) કારખાનાને કાયમી ધોરણે બંધ કરવું

49. Retrenchment of workman is a matter within the jurisdiction of :

(A) Industrial Tribunal (B) Labour Courts

(C) (A) and (B) above (D) None of these

કામદારની છટણીની બાબત કોના ક્ષેત્રાધિકારમાં આવે :

(A) ઈન્ડસ્ટ્રીઅલ ટ્રીબ્યુનલ (B) લેબર કોર્ટસ

(C) આમાંના (A) અને (B) (D) આ મુજબનું કંઈપણ નહિ

50. How many members of Trade Union are required for its registration ?

(A) 5 or more (B) 7

(C) 7 or more (D) 9 or more

કામદાર સંઘની નોંધણી કરાવવા માટે સભ્યોની સંખ્યા કેટલી હોવી જોઈએ :

(A) પાંચ અથવા વધારે (B) સાત

(C) સાત અથવા વધારે (D) નવ અથવા વધારે

ROUGH WORK

## ROUGH WORK